| PUBLICATION NAME : | Gujarat Today |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 09/08/2022 |
| PAGE: | 9 |

# હસ્તકલા ક્ષેત્રે તાલીમ અપાયેલા કારીગરોના એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન

અમદાવાદ, તા.૮

ગુજરાત સરકારના કુટીર અને ગ્રામિણ ઉદ્યોગ મંત્રી જગદિશ પંચાલે હસ્તકલા સેતુ પ્રોજેક્ટ હેઠળ ઈન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા તાલીમ અપાયેલા કારીગરો-વીવર્સના એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા કારીગરોને પ્રોત્સાહન આપવા ઈડીઆઈઆઈના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લા પણ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. હસ્તકલા સેતુ યોજના અંતર્ગત ૧૦૯ સ્ટોલની ગોઠવણ કરાઈ છે અને ઈડીઆઈઆઈ પાસેથી તાલીમ મેળવેલા આશરે ૨૧૮ કારીગરો તેમાં ભાગ લઈ રહ્યાં છે.